# ખમણ...કોરાં, વઘારેલાં, ટમટમ

## સમય: 30 મિનિટ

## લેખક: યશવંત ઠક્કર

## પાત્રો:

(૧) **પરેશ:** ખમણ તેમજ ફરસાણનો ધંધો કરતો  યુવાન, જેને ધંધાનું વળગણ છે.

(૨) **પલ્લવી:** પરેશની પત્ની, જેને ઈન્ટરનેટ પર બ્લોગ લખવાનું વળગણ છે.

(૩) **ચીમનલાલ:** પરેશના પપ્પા, જે અવળવાણી બોલીને મજાક કર્યા કરે છે.

(૪) **અમીબા:** પરેશની મમ્મી, જે સરળ સ્વભાવની છે.

(૫) **ઘનશ્યામભાઈ:** પલ્લવીના પપ્પા, જે શિક્ષક છે અને ઘેર પણ શિક્ષક જેવો જ વ્યવહાર કરે છે.

(૬) **કુંદનબહેન:** પલ્લવીનાં મમ્મી, જે ફેસબુકનાં શોખીન છે.

## [પ્રવેશ-૧]

[પરેશનું ઘર. પલ્લવી કમ્પ્યુટર પર બેઠી બેઠી બ્લૉગ લખે છે. બધાં ડાઈનિંગ ટેબલ તરફ જવા માટે તૈયાર છે. પલ્લવીની રાહ જોવાય છે.]

**અમીબા:** પાલવી વહુબેટા... એ ચાલો હવે. જમવા પધારો. મહેરબાની કરો.

**પલ્લવી:** એ આવી.અમીબા. હું  બ્લૉગ લખવા બેઠી હતી.

**અમીબા:** [ખીજાઈને] એ પરેશ દીકરા. આ તારી વહુને કહી દે. .મને અમીબા અમીબા ન કહે. મેં એને કેટલીય વાર ના પાડી પણ તોય એ માનતી નથી.

**પરેશ:** હવે જમવા ટાણે એ બધી ચર્ચા જવા દો ને બા. ચર્ચા ગરમ થઈ જશે ને જમવાનું ઠરી જશે.

**[પરેશ માથે હાથ દઈને આંખો બંધ કરીને બેસી જાય.]**

**ચીમનલાલ:** જો મારું નામ ચીમન છે. કોઈ મને માનથી ચીમનબાપા કહે તો એમાં ખોટું શું છે? તારું નામ અમી છે. અને વહુ તને  અમીબા કહે છે એમાં વાંક કોનો? તારો કે તારા નામનો?

**અમીબા:** વાંક મારા માબાપનો કે જેમણે મારું નામ અમી રાખ્યું.

**ચીમનલાલ:** પણ અમીબામાં ખોટું શું છે?

**અમીબા:** તમે ભણ્યા છો કે નહીં? અમીબા વિષે કશું જાણો છો ?

**ચીમનલાલ:** જાણું છું. ભણવામાં ચાર બા આવતાં હતાં. રાઘોબા, વિનોબા, કસ્તુરબા અને અમીબા. એમાંથી અમીબા સાથે મારે લાંબી લેણાદેવી નીકળી. એટલે એની હારે ચાર ચકરડાં ફર્યો અને સંસારમાં ઠરીઠામ થયો.

**અમીબા:** તમે રાખ ભણ્યા? અમીબા નાનું જીવડું હોય. એકકોષી જીવડું.

**ચીમનલાલ:** તું મોટું જીવડું છો. બહુકોષી. એમાં ફેર કેટલો?

**અમીબા:** તમે મહેરબાની કરીને દીકરાવહુ સામે મારી પટ્ટી ઉતારવી રહેવા દો.

**ચીમનલાલ:** પટ્ટી ન ઉતારું તો તારી આરતી ઉતારું? વહુબેટા, જાવ.આરતીની થાળી તૈયાર કરીને લાવો.

**પલ્લવી:** લાવી પપ્પા. [જવા માટે પગલાં ભરે]

**અમીબા:** એ પપ્પાની દીકરી. એમનું તો પહેલેથીજ ચસકેલું છે. પણ તમારું તો ઠેકાણે છે ને? કે પછી તમારુંય બ્લોક લખી લખીને આઘુંપાછું થઈ ગયું છે?

**પલ્લવી:** અમીબા. મેં તમને કેટલીવાર કહ્યું કે હું જે લખું છું એને બ્લૉગ કહેવાય. બ્લૉગ. બ્લૉગ.

**અમીબા:** ભલે. ભલે. એ જે હોય તે.

**પલ્લવી:** એવું નહીં ચાલે. તમે બોલવા માટે પ્રયત્ન કરો. બોલો.. બ્લૉગ. બ્લૉગ.

**ચીમનલાલ:** નહીં બોલી શકે. બ્લોક બોલતા એને મેં શીખવાડ્યું. પૂરાં પાંચ વરસ થયાં ત્યારે શીખી. હવે બ્લૉગ બોલતાં બીજાં પાંચ વર્ષ જોશે. પંચવર્ષિય યોજના જેવી વાત છે.

**અમીબા:** હવે એવું છે ને પાલવીબેટા...

**પલ્લવી:** બા. તમે કેમ ભૂલી જાઓ છો? મારું નામ પલ્લવી છે.પલ્લવી. પાલવી નહીં.

**અમીબા:** મને તો પાલવી જ ઠીક લાગે છે. પહેલાં તમને પિયરવાળાએ પાલવી ને હવે સાસરીવાળા પાલવે છે.

**પલ્લવી:** એટલે તમે કહેવા શું માંગો છો?

**અમીબા:** આ જમવાટાણે હું તમારી લાગણી દુભાઈ જાય એવું કશું જ કહેવા માંગતી નથી. હું તો એમ કહેવા માંગું છું પાલવીબેટા, કે પિયરમાં તમને તમારાં માબાપે લાડ લડાવ્યા અને હવે અમે તમને લાડ લડાવીએ છીએ. નહીં તો રસોઈકામ છોડીને કઈ વહુને બ્લોક લખવા મળે!

**પલ્લવી:** બ્લોક નહીં અમીબા. બ્લૉગ...બોલો બ્લૉગ.

**અમીબા:** હવે જીભ નહીં વળે પાલવીબેટા.

**ચીમનલાલ:** નહીં વળે તો વાળવી પડશે. વહુબેટા માળિયે પક્કડ પડ્યું હશે .લઈ આવો.

**પલ્લવી:** એ લાવી...પપ્પા.

**અમીબાં:** એ પપ્પાની દીકરી. તમે પહેલાં અહીંયા પધારો ને મારી વાત ધ્યાનથી સાંભળો. આ તમારા પપ્પાને વાતવાતમાં અવળવાણી બોલવાની ટેવ છે. એમની બધી વાત માનવાની નહિ.

**પલ્લવી:** ભલે અમીબા.

**અમીબા:** વળી અમીબા. તમે તમારા સસરાને પપ્પા કહો છો તે અમને મમ્મી કહોને.

**પલ્લવી:** અમીબા! કેવું મજાનું નામ છે. એકદમ સાહિત્યિક. મને તો તમને અમીબા જ કહેવું ગમશે.

**અમીબા:** જેવી તમારી મરજી. [પરેશને ઉઠાડે] દીકરા ચાલ જમવા.

**પરેશ:** થઈ ગઈ તમારી ચર્ચા  કે હજી બાકી છે? મને સમયસર ખાવા આપી દેતાં હો તો ધંધાભેગો તો થાઉં.

**પલ્લવી:** પરેશ, આખો દિવસ  ધંધો કરવાનો જ છેને? .પણ ઘેર તો અમારી સાથી બીજી વાતો કરોને. જરા મન તો હળવું થાય.

**પરેશ:** [ગુસ્સે થઈને] મન હળવું કરવા રહું તો દેવાળું ફુંકાઈ જાય.સમજી?

**પલ્લવી:** પણ ધીરેથી વાત કરોને?

**પરેશ:** જો પલ્લવી, પેટ માટે તો મહેનત કરું છું. હું અહીં ભૂખ્યો બેઠો હોઉં ને તુ કમ્પ્યુટર સામે બેઠી બેઠી ટકટક કર્યાં કરે એ મને પસંદ નથી.

**પલ્લવી:** પરેશ. એ મારા શોખની વાત છે. જેમ તમને ધંધાનું વળગણ છે એમ મને બ્લૉગ લખવાનું વળગણ છે.

**પરેશ:** ધંધો છે તો ઘર ચાલે છે. ટકટક કરવાથી પેટ નહીં ભરાય. તારે પરણવાની જરૂર હતી કોઈ પ્રોફેસરને અને પરણી મારા જેવા ખમણવાળાને.

**પલ્લવી:** મને ખબર નહોતી કે ખમણ વેચી વેચીને તમારો સ્વભાવ વાસી ખમણ જેવો થઈ ગયો હશે. જ્યારે હોય ત્યારે ખમણ, ધાણા અને મરચાંની જ વાતો. દુનિયામાં બીજું કાંઈ છે કે નહીં? ખળખળ વહેતાં ઝરણાં... મંદ મંદ વાતો પવન...ફૂલોની પાંદડી પર ઝાકળનાં બિંદુઓ. આ બધાં વિષે કશી સમજણ પડે છે?

**પરેશ:** મારે પાડવી પણ નથી. મારે ખમણ વેચવાં છે ખમણ. અરે ખમણ બાફ્યાં છે કોઈ દિવસ? ચોંટી પડી છો. ઝાકળનાં બિંદુઓ... ઝાકળનાં બિંદુઓ. અરે! વરાળના બિંદુઓ હારે પાલો પાડ્યો છે કોઈ દિવસ? ઝાકળના બિંદુઓ! આ લેખકડી ક્યાંથી ખમણવાળાના ઘરમાં ભરાઈ ગઈ? .

**ચીમનલાલ:** તારે તારો બકવાસ બંધ કરવો છે?

**પરેશ:** હું કરું એ બકવાસ? અને આ તમારી વહુબેટા કરે છે એ શું છે?

**અમીબા:** હે ભગવાન.આ બે જણાં સામસામે આવે છે ને એકલા તણખા ઝરે છે. અરે ભગવાને સુખનો રોટલો આપ્યો છે તો ખાવને મારાભાઈ. આ શું માંડ્યું છે.?

**પરેશ:** હું જાઉં છું. મોડું થઈ ગયું છે. નોકરેય ભૂખ્યો થયો હશે.

**અમીબા:** પણ જમવાનું થઈ ગયું છે. જમીને જાને.

**પરેશ:** નથી જમવું. દુકાને ખમણ ખાઈને પેટ ભરી લઈશ.

**અમીબા:** એવું ન કરાય દીકરા. આટલું બધું ખાવાનું છોડીને ખમણ ખાઈશ?

**પરેશ:** ખાવા પડે મમ્મી ખાવા પડે! જેની ઘરવાળી ઇન્ટરનેટના રવાડે ચડી હોય... ગીત ને ગજલ લખવાને ચાળે ચડી હોય એને ઝેર પણ ખાવું પડે!

**પલ્લવી:** ગજલ નહીં... ગઝલ બોલાય. ગઝલ.

**પરેશ:** એ માસ્તરની દીકરી. તું ચૂપ થા. હું ભૂખ્યા પેટે ઝેર ખાવાની વાત કરું છું ને તું ભાષાશુદ્ધીના કલાસ ખોલીને બેસી જાય છે? શરમ નથી આવતી?

**અમીબા:** ચાલો જવા દો બધી મગજમારી. ખાવાનું તૈયાર જ છે. થાળીઓ કઢાય એટલી વાર છે.

**પરેશ:** તો કાઢોને ભાઈસાબ. ભૂખથી જીવ જાય છે. ખાવાનું દેવું હોય તો દ્યો નહીં તો જાઉં જલારામ બાપાના મંદિરે. હવે તો ત્યાં પણ પતવા આવ્યું હશે!

**પલ્લવી:** પણ ખાવાનું તૈયાર જ છે. પછી મંદિરે જવાની શી જરૂર છે?

**પરેશ:** ખાવાનું તૈયાર છે. તૈયાર છે. ક્યાં તૈયાર છે?

**પલ્લવી:** બસ. થાળીઓ કઢાય એટલી વાર છે.

**પરેશ:** તો કાઢોને પણ. ચોઘડિયું જોવાનું છે?

**ચીમનલાલ:** ચોઘડિયું તો જોવું જ પડેને. વહુબેટા. પંચાગ લઈ આવો.

**પલ્લવી:** એ લાવી પપ્પા.

**અમીબા:** ખબરદાર. એક ડગલું પણ આગળ વધ્યાં છો તો! ચૂપચાપ રસોડામાં જાવ.

[પલ્લવી મોઢે હાથ દઈને ચૂપચાપ રસોડામાં જાય.]

**ચીમનલાલ:** અરે! આ તો ખરેખર કામ કરતી સરકાર થઈ ગઈ!

**અમીબા:** અવળવાણી નહીં જોઈએ. ડાઇનિંગ ટેબલ પર ગોઠવાઈ જાઓ.

**ચીમનલાલ:** જેવો સરકારનો હુકમ. સાલી આપણા દેશની સરકાર પણ જો આવી કડક થતી હોયને તો કમસે કમ મોંઘવારી તો કાબુમાં રહે.

[ચીમનલાલ ચૂપચાપ જમવા માટે ટેબલ તરફ જાય છે]

**અમીબા:** દીકરા, તને કાંઈ વાસ આવે છે? કંઈ દાજતું હોય એવું લાગે છે? કદાચ રસોડામાંથી...

**પરેશ:** એમાં નવું શું છે? ચૂલે તપેલી મૂકીને બ્લૉગ લખવા બેસે પછી એ જ થાયને?

[રસોડામાંથી પલ્લવીની બૂમ..]

**પલ્લવી:** અમીબા..... ગજબ થઈ ગયોરે!

**પરેશ:** એને કહો મમ્મી. આમ મરણપોક ન મૂકે! હું હજી સાજોસમો છું.

**અમીબા:** એવું  ન બોલાય દીકરા.

[પલ્લવી સાણસીથી પકડેલી તપેલી લાવે]

**પલ્લવી:** અમીબા. આ તપેલીમાં તો દાળનું અસ્તિત્વ જ નથી રહ્યું.

**અમીબા:** કયાંથી રહે? મેં તમને દાળ બળી ન જાય એનું ધ્યાન રાખવાનું કહ્યું હતુંને?

**પરેશ:** રસોઈમાં ધ્યાન રાખે તો બ્લૉગ કોણ લખે?

**પલ્લવી:** મારી ભૂલ થઈ છે. હવે એવું નહિ થવા દઉં. પણ તમે વાત વાતમાં બ્લૉગને વચ્ચે નહીં લાવો.

**પરેશ:** પણ ખાવા ટાણે ખાવાનું તૈયાર હોવું જોઈએ કે નહીં?

**પલ્લવી:** બધું તૈયાર જ છે. માત્ર એક દાળનો અભાવ રહેશે!

**પરેશ:** [ચાળા પાડીને] અભાવ રહેશે! માણસની રીતમાં બોલને.

**પલ્લવી:** આ જ સાચી રીત છે.

**પરેશ:** લેખકડાં હોય એ આવું બોલે.

**પલ્લવી:** ખમણિયાને ભાષાની ખૂબી શું સમજાય? એને તો બસ ઊઠે ત્યાંથી બાફવું, વાટવું, કાપવું,વઘારવું,ભભરાવવું, તોલવું, બાંધવું, વેચવું,ખાલી કરવું.. કમાવું કમાવું ને કમાવું...

**પરેશ:** બસ કર બકવાસ. અમે ખમણિયા જો આ બધું ન કરતા હોત તો એમના બૈરાઓને આટલા જલસા ન હોત! આ તમે લોકો શેઠાણીઓ  થઈને  ફરતા ન હોત!

**પલ્લવી:** શેઠાણી! બૈરાને શેઠાણી બનાવતા સિવાય તમને આવડે છે શું? ખમણવાળો  ઐશ્વર્યા રાય જેવી કન્યાને પરણે અને પાંચ વરસમાં તો એને ખમણ ખવડાવી ખવડાવીને ટુનટુન બનાવી દે! પછી કહે કે શેઠાણી બનાવી દીધી.

**પરેશ:** શરીર વધી જાય એ દેખાય છે! શરીર પર દાગીના વધી જાય એ નથી દેખાતું? પર્સમાં રૂપિયા વધી જાય એ નથી દેખાતું? શેરીના નાકે ઢગલો માણસ બસની રાહ જોતું ઊભું હોય ત્યારે ખમણવાળાની બૈરી મોટરમાં નીકળે છે એ નથી દેખાતું?

**ચીમનલાલ:** હવે વર્તમાન સમસ્યા પર ધ્યાન આપવામાં આવે તો સારું. આ દાળ બળી ગઈ છે તો શું કરવું છે? દાળ વગર ચલાવવું છે કે ફરી બનાવવી છે?

**અમીબા:** હવે બનાવતાં તો કેટલી બધી વાર લાગે?

**પલ્લવી:** એમ કરીએ. ચલાવી લઈએ. રસાવાળું શાક છે. વળી દહીં પણ છે.

**પરેશ:** એનાં કરતાં ખાધા વગર જ ચાલશે. હું આ ચાલ્યો.

**પલ્લવી:** વાતવાતમાં આ ચાલ્યો. આ ચાલ્યો. જમવા બેસો હવે.

**પરેશ:** તો સાંભળ. પલ્લવી, એક શરતે જમવા બેસું છું. આજથી અને અત્યારથી તારું આ કમ્પ્યુટર સામે બેસવાનું બંધ. આ આખા પરિવારની ખુશીનો સવાલ છે. એક તરફ સાચુકલું સો ટચના સોના જેવું પરિવાર છે અને બીજી બાજુ એક નાનકડા રમકડા જેવું કમ્પ્યુટર છે.

**પલ્લવી:** તમારી નજરે આ એક નાનકડું રમકડું છે પરંતુ મારી નજરે ગાગરમાં સાગર છે. સાગરમાં કેટકેટલાં રત્નો પડ્યાં છે એની તમને શું ખબર પડે? ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે?

**પરેશ:** [ગુસ્સામાં] જાણી લીધો. ખૂબ જાણી લીધો સ્વાદ! આ બળેલી દાળ જેવો સ્વાદ જાણી લીધો. અરે! આ બધાં જ પાપનું મૂળ આ  સાલું કમ્પ્યુટર છે. એને જ તળાવભેગું કરું તો ઘરમાંથી કકળાટ જાય.

[પરેશ કમ્પ્યુટર ઉઠાવવા જાય]

**અમીબા:** પાલવીબેટા, તમે અત્યારે માની જાઓ. નહિ તો અનર્થ થઈ જશે.. રોકો એને રોકો.

**પલ્લવી:** રહેવા દો. બિચારા કમ્પ્યુટરનો શો વાંક છે?

**પરેશ:** આણે જ બધી ઘાણી કરી છે.  આ ના હોત તો અત્યારે ખાઈને દુકાનભેગો થઈ ગયો હોત.

**પલ્લવી:** ચાલો. કાલથી આવી ભૂલ નહિ થાય.

**પરેશ:** હું જમવા બેસીશ. પણ મારે વચન જોઈએ કે તુ હવેથી કમ્પ્યુટર સામે નહિ બેસે.

**પલ્લવી:** સારૂં. જેવી તમારી મરજી. કાલથી હું આ ઘરમાં હું કમ્પ્યુટર સામે  નહિ બેસું. બસ. રાજી હવે.

**પરેશ:** પહેલેથી માની ગઈ હોત તો.

**પલ્લવી:** પણ યાદ રાખજો. મારું આ વચન તમને ભારે  પડશે.

**પરેશ:** મને શું ભારે પડશે?. કમ્પ્યુટર સામે બેઠાં વગર તને ભારે પડશે. [મજાક ઉડાવે અને ખડખડાટ હસે] ગાગરમાં સાગર. સાગરમાં વળી રત્નો! [હસવાનો અવાજ વધતો જાય].

**પલ્લવી:** [સ્વગત] સમય કહેશે કે કોને શું ભારે પડે છે. મેં વચન આપ્યું છે કે કાલથી હું આ ઘરમાં કમ્પ્યુટર સામે નહિ બેસું. ખમણના ઘરાકો પકડવામાં પાકો પણ શબ્દોના અર્થો જાણવામાં સાવ કાચો, એને એટલી ખબર નથી પડતી કે કાલે હું આ ઘરમાં હોઈશ તો કમ્પ્યુટર સામે બેસીશને? પોતે જંગ જીતી ગયો હોય એમ ઉજવણી કરે છે. અરે! એને ક્યાં ખબર છે કે જંગ તો હવે શરૂ થાય છે. [ખડખડાટ હસે]

## [પ્રથમ પ્રવેશ પૂરો]

## [પ્રવેશ-૨]

[પલ્લ્વીનું પિયર. પલ્લવીના પપ્પા ઘનશ્યામભાઈ અને મમ્મી કુંદનબહેન એક તરફ ઊભાં છે તો સામે દયામણો થઈને પરેશ ઊભો છે.ઘનશ્યામભાઈ પરેશ સાથે કડક અવાજમાં વાત કરે છે.]

**ઘનશ્યામ:** તમે ખરેખર પલ્લવીને તેડવા આવ્યા છો? કે પછી માત્ર સમય પસાર કરવા આવ્યા છો?

**પરેશ:** હા. હા. ખરેખર તેડવા જ આવ્યો છું.

**ઘનશ્યામ:** પલ્લ્વીએ તમારું ઘર છોડ્યું એને કેટલો સમય થયો એ કહી શકશો?

**પરેશ:** લગભગ ત્રણ મહિના.

**ઘનશ્યામ:** લગભગ નહિ. ચોક્કસ જવાબ જોઈએ. પલ્લ્વીએ તમારું ઘર છોડ્યું એને કેટલો સમય થયો?

**પરેશ:** વડીલ, જરા શાંતિથી વાત કરો તો સારું. ગમે તેમ તોય આપ મારા સસરા છો.

**ઘનશ્યામ:** હું ઘનશ્યામ માસ્તર છું. સસરો તો હું પછી થયો. એ પહેલાંથી હું એક શિક્ષક છું. આજીવન શિક્ષક. સંપૂર્ણ શિક્ષક.

**કુંદનબહેન:** તમે એ વાત સતત યાદ રાખો કે તમે એક સંપૂર્ણ શિક્ષકની સમક્ષ ઊભા છો. આ ઘરના તમામ સભ્યો એ વાત સતત યાદ રાખે છે.

**પરેશ:** પણ આ તમારું ઘર છે. શાળા નથી.

**ઘનશ્યામ:** તમારા માટે આજે મારું ઘર એક શાળા બરાબર છે. અને આજે તમારી પરીક્ષા છે.આજે પરીક્ષામા સફળ થશો તો જ પલ્લવીને તેડીને જઈ શકશો. ચોક્કસ જવાબ આપો. પલ્લ્વીએ તમારું ઘર છોડ્યું એને કેટલો સમય થયો?

**પરેશ:** ક્ષમા કરજો. સાહેબ. તમારા સવાલનો ચોક્કસ જવાબ નહિ આપી શકું.

**ઘનશ્યામ:** પલ્લ્વીબેટા. તુ જવાબ આપ. તે આ ત્રાસવાદીનું ઘર છોડ્યું એને કેટલો સમય થયો?

**પલ્લ્વી:** ત્રણ મહિના, તેર દિવસને...[ ઘડિયાળમાં જોઈને] સાડા પાંચ કલાક થયાં.

**ઘનશ્યામ:** તદ્દન સાચો જવાબ. આમ જવાબ અપાય. હવે મારો સવાલ એ છે કે તમે પલ્લ્વીને તેડવા માટે આટલા મોડા કેમ આવ્યા?

**પરેશ:** તમે જ કહો કે  ધંધાનો ત્યાગ કરીને કેવી રીતે આવું?

**ધનશ્યામ:** પલ્લ્વીબેટા. તારી વાત સત્ય છે. આ માણસને ધંધા સિવાય બીજું કશું જ આવડતું જ નથી.

**પલ્લ્વી:** હા, પપ્પા. ધંધો એમની રગેરગમાં વ્યાપી ગયો છે. ઘેર આવ્યા પછી પણ ધંધાની જ વાતો કરે છે.

**પરેશ:** એમાં ખોટું શું છે? જુઓ. ધંધો છે તો ઘર ચાલે છે. વ્યવહાર ચાલે છે.

**કુંદનબહેન:** પરંતુ ચોવીસે કલાક ધંધો ધંધો ન કરાયને? દુકાનેથી ઘેર આવીને અન્ય કઈ પ્રવૃત્તિ કરો છો?

**પરેશ:** ખમણનો વેપારી અન્ય પ્રવૃત્તિમાં તો બીજું શું કરે? નસીબમાં જે લખ્યું હોય તે ભોજન આરોગે અને થોડુંઘણું ટીવી દર્શન કરીને શયનખંડ તરફ પ્રયાણ કરે. .

**ધનશ્યામ:** તમે પણ સુંદર વાક્યપ્રયોગો કરી જાણો છો.

**પરેશ:** અમે તો સાહેબજી, ખમણના અવનવા પ્રયોગો કરીએ. ક્યારેક ટમટમ ખમણ બનાવીએ તો ક્યારેક દહીંના ખમણ બનાવીએ. ક્યારેક નાયલોન ખમણ બનાવીએ તો ક્યારેક ખમણમાંથી ખમણી પણ બનાવી નાખીએ. વાક્યો પર પ્રયોગો કરવાનું અમારું ગજું નહિ. આ તો આપના સહવાસ થકી આટલું સુંદર બોલી શક્યા.

**ધનશ્યામ:** જુઓ. માત્ર થોડી જ ક્ષણોના સહવાસમાં તમારામાં આટલું પરિવર્તન આવ્યું તો વિચાર કરો કે આ સહવાસ લાંબો ચાલે તો શું પરિણામ આવે?

**પરેશ:** મારામાં તો  પરિવર્તન આવે કે ન આવે પણ મારા ધંધામાં અવશ્ય પરિવર્તન આવે. તેનો આંક નીચે ને નીચે ને નીચે તરફ ગતિ કરતો જાય.

**પલ્લવી:** જોયું પપ્પા, ન હોય ત્યાંથી ધંધાની વાત લાવી દે છે. ઘેર આવે તો પણ એને બીજુ કશું સૂઝે નહિ. હું ઘણું કહું કે ફેસબુકમાં ખાતું તો ખોલાવો. તો કહે કે બેન્કમાં ઘણાં ખાતાં છે. હવે વધારે ખાતાં ખોલાવવાની જરૂર નથી.

**કુંદનબહેન:** બેન્કમાં ખાતાં તો અમારાં પણ છે. પરંતુ, ફેસબુકના ખાતાનો આનંદ તો જેણે માણ્યો હોય એ જ જાણે! તમે પણ ઇન્ટરનેટનો ઉપયોગ કરતાં શીખો પછી જ સમજ પડશે કે ફેસબુકનો આનંદ કેવો હોય છે?

**પરેશ:** તો માડી, તમે પણ આ ઉમરે ફેસબુકનો આનંદ માણો છો?

**કુંદનબહેન:** અવશ્ય. ફેસબુક પર મારા મિત્રોની સંખ્યા બે હજાર જેટલી છે.

**પરેશ:** માડી. હું જાણી શકું કે ફેસબુક પર તમે તમારું નામ શું લખ્યું છે?

**કુંદનબહેન:** નામ રાખ્યું છે કુંદનિકા.

**પરેશ:** એટલે જ બે હજાર મિત્રો નોંધાયા! કુંદનબહેન નામ રાખ્યું હોત તો કાળો કાગડોય તમારો મિત્ર ન બનત. વળી, એ કહો કે તમે તમારો હાલનો ફોટો મૂક્યો છે કે પછી તમારા ભવ્ય ભૂતકાળનો?

**કુંદનબહેન:** ફોટો મૂકાય જ નહિ. ફોટાનો દુરુપયોગ થાય.

**પરેશ:** તમે તમારો હાલનો ફોટો મૂક્યો હોય તો મને નથી લાગતું કે કોઈ દુરુપયોગ કરે.

**કુંદનબહેન:** મેં કમળનું ફૂલ મુક્યું છે.

**પરેશ:** એટલે જ બે હજાર ભમરા નોંધાયા. હવે બાંધી મુઠ્ઠી લાખની જ રાખજો. ભૂલેચૂકેય તમારો ફોટો મૂકતાં નહિ. મૂકશો ને તો બે હજારમાંથી એકેય ફરકવા નહિ આવે.

**કુંદનબહેન:** તમે ભૂલો છો જમાઈરાજ, તમને મારી સર્જન-પ્રવૃત્તિનો પરિચય નથી લાગતો.

**પરેશ:** છે.. મને તમારી સર્જન-પ્રવૃત્તિનો પરિચય છે.[ પલ્લવી તરફ હાથ કરીને] મેં તમારું આ સર્જન બહુ જ નજીકથી જોયું જાણ્યું છે. તમારા સર્જનનો આનાથી ઉત્તમ નમૂનો બીજો કયો હોઈ શકે?

**પલ્લવી:** તમે મારી મમ્મીની અને મારી મજાક ન ઉડાવો.

**પરેશ:** મજાક નથી ઉડાવતો. પ્રશંસા કરું છું. ઉદાહરણ સહિત પ્રશંસા કરું છું.

**ધનશ્યામ:** ગમે તે કહો. આ માણસની ભાષામાં ઘણો સુધારો જણાય છે.

**પરેશ:** મેં કહ્યુંને વડીલ કે આ બધું આપના સહવાસનું પરિણામ છે.

**ધનશ્યામ:** પલ્લવી દિકરી, ભાષાની બાબતમાં તો આ માણસને તક આપવી જોઈએ.

**પલ્લવી:** પરંતુ કમ્પ્યુટરની બાબતમાં તો આ માણસ સાવ ઢ છે.

**પરેશ:** હતો. કમ્પ્યુટરની બાબતમાં ઢ હતો. હવે નથી. હવે તો મેં કમ્પ્યુટરના કલાસ કરી લીધા છે.

**ધનશ્યામ:** મને લાગે છે કે તમે પલ્લવીને તેડી જવાની સંપૂર્ણ તૈયારી કરીને આવ્યા લાગો છો.

**પરેશ:** આપશ્રીનું અનુમાન સંપૂર્ણ સાચું છે. હું સંપૂર્ણ તૈયારી કરીને આવ્યો છું. મેં કમ્પ્યુટરના વર્ગ ભર્યાં છે, ભાષાશુદ્ધિના વર્ગ ભર્યાં છે, કવિતા લખવાની પણ તાલીમ લીધી છે. જુઓ, હું મારી લાગણી એક મુક્તક દ્વારા દ્વારા અત્રે રજૂ કરવા ઈચ્છું છું. જો આપ સહુ ‘ઇર્શાદ’ કહો તો!

**પલ્લવી,ધનશ્યામભાઈ, કુંદનબહેન:** ઇર્શાદ! ઇર્શાદ! ઇર્શાદ!

**પરેશ:** હું તમારી દીકરીને તેડવા આવ્યો અહીં.

સાથમાં આ એકદમ તાજાં ખમણ લાવ્યો અહીં.

[થેલીમાંથી ખમણનું પડીકું કાઢે.]

એકધારો આ ખમણ સાથે પનારો છે છતાં

આજ હું લાવ્યો મજાનાં એક બે કાવ્યો અહીં.

**ધનશ્યામ:** વાહ! વાહ! વાહવાહ!

**કુંદનબહેન:** વાહ! જમાઈરાજ વાહ! [દુખણાં લે] ખમણ લાવો. તમારા હાથ દુઃખી જશે.

[ખમણ લઈને લઈને સૂંઘે. ખૂશ થાય. ખમણને બાજુમાં મૂકી દે]

**પલ્લવી:** તમને છંદ પણ આવડી ગયા?

**પરેશ:** એમનમ નથી આવડ્યા! છેલ્લા બે મહિનાની કઠોર સાધના પછી આવડ્યા છે. તને એ જાણીને આઘાત અને આનંદ બંને થશે કે, મેં એક કવિ પાસેથી કવિતા લખવાની તાલીમ લીધી છે.

**કુંદનબહેન:** ઘણી ખમ્મા મારા જમાઈરાજને ઘણી ખમ્મા! જોયું? આપણા જમાઈરાજ  પણ રસિક તો છે.

**પરેશ:** માડી, રસિકજન થવું કોને ન ગમે? પણ શું કરીએ? અમારો ધંધો ખમણનો! મલક આખો નાચતો હોય, કૂદતો હોય, આનંદ માણતો હોય ત્યારે અમે ખમણનાં  પડીકાં વાળતા હોઈએ.

**પલ્લવી:** ભલે ધંધો ગમે તે હોય પણ ઘેર આવીને તો બીજી બાબતોમાં રસ લેવો જોઈએને?

**પરેશ:** અત્યાર સુધી નહોતા લેતા. હવે ઘેર આવીને ગઝલ લખીશું. ગીતો લખીશું. બ્લૉગ લખીશું.

**પલ્લવી:** બ્લૉગ? તમે બ્લૉગ લખવાનું શરૂ કર્યું?

**પરેશ:** કરવું પડ્યું! તારે ખાતર!

**પલ્લવી:** બ્લૉગનું નામ શું રાખ્યું છે?

**પરેશ:** બ્લૉગનું નામ રાખ્યું છે:  વરાળનાં બિંદુઓ

**પલ્લવી:** [હસીને] તમે બ્લૉગમાં શું ખમણના ભાવ લખો છો?

**પરેશ:** ખમણના જ નહિ હૃદયના ભાવ પણ લખું છું. લખું છું કે: કોઈપણ માણસ ગમે તે કામધંધો કરતો હોય, એના હૈયામાં પણ જાતજાતની અને ભાતભાતની લાગણી ઉછાળા મારતી હોય છે. એનામાં પોતાની લાગણી શબ્દો દ્વારા વ્યક્ત કરવાની આવડત ન હોય તો એમ ન  માની લેવાય કે એ લાગણી વગરનો છે!

**પલ્લવી:** અચ્છા. તો આ બધું મને સંભળાવવા માટે બોલો છો?

**પરેશ:** આ સંભળાવવાની વાત નથી. હકીકત છે. પલ્લવી, લોકોને વઘારેલાં અને ટમટમ ખમણ ખવડાવવામાં અમારી જિંદગી કોરાં ખમણ જેવી થઈને રહી જાય છે ને અમે કશું કરી શકતા નથી. તારાં  જેવાંને એમ લાગે કે અમને બીજા કશામાં રસ નથી. રસ તો ઘણોય હોય. પણ, જો બીજી વાતોમાં રસ લેવા જઈએ તો અમે અમારું ધ્યેય ચૂકી જઈએ.

**પલ્લવી:** કયું ધ્યેય ચૂકી જવાય?

**પરેશ:** ખમણનો સ્વાદ સાચવવાનું ધ્યેય. ગઝલમાં છંદ ન સચવાય તો જેમ ભાવકને મજા ન આવે તેમ ખમણમાં સ્વાદ ન સચવાયો હોયને તો ગ્રાહકને મજા ન આવે! ને સાહિત્યમાં જેમ ખોટી વાહવાહ થાય છે ને એમ આ ધંધામાં કોઈ ખોટી વાહવાહ ન કરે! ધંધામાં એકાગ્રતા ન રાખીએ તો ઘરાકી તૂટી જાય.

**પલ્લવી:** પણ તમારે ધંધાની એકાગ્રતા ઘેર શાંમાટે લાવવી પડે?

**પરેશ:** આવી જાય એ તો. લાવવી ન હોય તો પણ આવી જાય!

**કુંદનબહેન:** પરેશકુમારની વાત સાવ સાચી છે. આ તારા પપ્પા પણ નિશાળેથી  ઘેર આવે છે તોય એમની શિક્ષક તરીકેની એકાગ્રતા ઓછી થાય છે?

**પરેશ:** એમની એકાગ્રતાનો આંક એવો તો ઊંચો છે કે: એમને નીશાળના છોકરામાં અને સગા જમાઈ વચ્ચે કોઈ ભેદ નથી.

**ધનશ્યામ:** તમારા તરફથી મળેલા આ મૌખિક પ્રમાણપત્ર બદલ આભાર વ્યકત કરું છું. અને સાથે સાથે તમારી આજની પરીક્ષાનુ પરિણામ પણ બહાર પાડું છું:

**પરેશ:** ઇર્શાદ!

**કુંદનબહેન:** ઇર્શાદ! ઇર્શાદ!!

**ધનશ્યામ:** આજની પરીક્ષામા......

**પરેશ:** અગ્નિપરીક્ષા કહો વડીલ.

**ધનશ્યામ:** આજની અગ્નિપરીક્ષામા શ્રી પરેશકુમાર ખમણવાળા સો ગુણમાથીમાંથી પૂરા સો ગુણ મેળવીને ઉત્તીર્ણ થાય છે.

**પરેશ:** બોલો જલારામબાપાની...

**કુંદનબહેન:** જય...

**પરેશ:** ખમણેશ્વર મહાદેવની..

**કુંદનબહેન:** જય...

**ધનશ્યામ**: પલ્લવી દીકરી, મને લાગે છે કે હવે તને સાસરે જવામાં વાંધો નહિ જ હોય. આ માણસ મારી પરીક્ષામા પાસ થયો છે.

**કુંદનબહેન:** હા પલ્લવી, હવે તો તારે જવું જ જોઈએ. પરેશકુમારને કમ્પ્યુટર આવડી ગયું. એમનામાં કાવ્યરસ પણ જાગ્યો...

**ધનશ્યામ:** એટલું જ નહિ પરંતુ, એમણે બ્લૉગસર્જન પણ કર્યું છે.

**પરેશ:** ફેસબુક સાથે નાતો જોડ્યો એ વાત તો  કહેવાની રહી ગઈ.

**કુંદનબહેન:** શું વાત કરો છો? તો તો હું તમને મિત્ર બનાવવા માટે વિનંતી મોકલીશ.

**પરેશ:** જરૂર. હું આપની વિનંતીનો સ્વીકાર કરીશ. પણ, મારી એક વિનંતી પણ ધ્યાનમાં લેજો. ફેસબુક પર ફોટો મૂકવાની ભૂલ ન કરતાં.

**કુંદનબહેન:** તમારી વિનંતીનો પણ સહર્ષ સ્વીકાર કરું છું.

**પરેશ:** તો હવે કોઈ વિધિ બાકી રહી છે?

**ઘનશ્યામ:** ના, તમે આજની પરીક્ષામા ઉત્તીર્ણ થયાં છો એ બદલ મારી દીકરીનો હાથ પુન: આપનાં હાથમાં આપવામાં આવે છે. તમે અત્રે જેટલું રોકાવું હોય એટલું રોકાઈ શકો છો અને જતી વખતે મારી દીકરીને સાથે લઈ જઈ શકો છો.

**પરેશ:** આપ મહાનુભાવોનો ખૂબ ખૂબ આભાર.

**પલ્લવી:** પહેલાં વચન આપો કે- ઘેર આવ્યા પછી ધંધાની વાતો નહિ કરો. ઇન્ટરનેટ, બ્લૉગ, ફેસબુક .. એ બધાંમાં સક્રિય રસ લેશો. ..

**પરેશ:** હું પરેશ ખમણવાળા વચન આપું છું કે- હું ઇન્ટરનેટ, બ્લૉગ, ફેસબુક .. એ બધામાં ગળાડૂબ રહીશ.

**પલ્લવી:** એ પણ કહો કે:ઘરમાંથી કમ્પ્યુટર દૂર કરવાનું પગલું ક્યારેય નહિ ભરું..

**પરેશ:** હું વચન આપું છું કે: હું ઘરમાંથી ક્યારેય કમ્પ્યુટરને જાકારો નહિ દઉં.

**પલ્લવી:** [ખૂશ થઈને] હાહાહા!! છેવટે મારી વાત માનવી જ પડીને? મારી જ જીત થઈને? કહેવાય છે ને કે: વાર્યા ન વળે તે હાર્યા વળે!

**પરેશ:** [સ્વાગત] થા. જેટલું ખૂશ થવું હોત તેટલું થા. સમય કહેશે કે કોણ જીત્યું ને કોણ હાર્યું? મેં વચન આપ્યું છે કે હું ક્યારેય કમ્પ્યુટરને જાકારો નહિ દઉં. શબ્દોનાં અર્થો પકડવામાં પાકી પણ વહેવારની વાતોમાં કાચી; એને એટલી ખબર નથી કે કમ્પ્યુટર આપણાં માટે છે... આપણે કમ્પ્યુટર માટે નથી. ઇન્ટરનેટ દરિયો છે તો દરિયામાં ડૂબી પણ જવાય! કોણ કેટલું ડૂબે છે એ તો વખત આવ્યે ખબર પડશે . અત્યારે તો માન રાખવા એટલું જ કહેવું છે કે:

[પલ્લવીને ઉદ્દેશીને.. ખરેખર કહે છે] તમે જીત્યાં ને અમે હાર્યા. તમે તર્યાં ને અમે ડૂબ્યા.

## [પ્રવેશ-૨ પૂરો]

## [પ્રવેશ:3]

[પરેશનું ઘર. પરેશ કમ્પ્યુટર સામે બેઠો છે. પલ્લવી, ચીમનલાલ અને અમીબા, જમવા માટે એની રાહ જુએ છે.]

**અમીબા:** પરેશ દીકરા, ચાલને હવે ઊભો થાને. જમવાનું તૈયાર છે.

**પરેશ:** [બેઠાં બેઠાંજ] જમવાનું? હુ જમ્યો નથી? મને તો એમ કે મેં જમી લીધું છે.

**ચીમનલાલ:** જ્યારથી તું બ્લૉગ અને ફેસબુકના રવાડે ચડ્યો છે ત્યારથી તને નથી નાવાનું ભાન રહેતું. નથી ખાવાનું ભાન રહેતું. નથી દુકાને જવાનું ભાન રહેતું.

**પરેશ:** પપ્પા આ તો દરિયો છે. માંહી પડ્યા તે મહાસુખ માણે દેખનહારા દાઝે જોને.

**અમીબા:** દરિયો કેવો? આ તો મગજની ખરાબી કરનારું ચોગઠું છે. પહેલાં વહુને ચસકો લાગ્યોતો હવે તને.

**પલ્લવી:** અમીબા, મને ચસકો હતો પણ આટલો બધો નહોતો. ને મારો તો હવે કમ્પ્યુટર સામે બેસવાનો વારો જ નથી આવતો.

**અમીબા:** સારું થયુંને? એ બહાને વળગણ છૂટ્યું. સાચું કહેજો પાલવીબેટા, મગજને પહેલાં કરતાં સારું લાગે છે ને?

**પલ્લવી:** ઘણું જ સારું લાગે છે. આ વળગણ છૂટ્યા પછી રસોઈકામમાં પણ જીવ પરોવાયો છે.

**પરેશ:** હા, હવે તો દાળ બળી જવાની દુર્ઘટનાઓમાં ઘટાડો નોંધાયો છે. .

**પલ્લવી:** મારાથી તો એકાદ બે વખત દાળ બળી ગઈ હતી. તમે તો દુકાને બેઠાં બેઠાં મોબાઈલથી પણ ફેસબુકમાં રચ્યાપચ્યા રહો છો. ખમણના આખેઆખા ઘાણ બળી જાય છે એનુંય ભાન નથી રહેતું.

**ચીમનલાલ:** આવું ને આવું ચાલ્યું તો ધંધાનું તો નામું જ નંખાઈ જશે. આ કમ્પ્યુટર કાયમને માટે શટ ડાઉન નહિ થાય તો આપણી ખમણની દુકાનનું શટર કાયમને માટે ડાઉન કરવું પડશે.

**અમીબા:** ઊભો થા ને દીકરા. જમવાભેગાં થઈએ.

**પરેશ:** તમે બધાં જમી લો. મને ભૂખ નથી. આ એક મિત્રને જરા જવાબ આપી દઉં.

**અમીબા:** પહેલાં તો કેવો ખાઉં ખાઉં કરતો'તો! આ ચોગઠાએ તો ભૂખ ઝૂંટવી લીધી. આનાથી પેટ ભરાતું હશે?

**પરેશ:** મમ્મી.આ તો મારા મનનું ભોજન છે. ભલું થાજો આ ચોગઠાનું કે જેણે મને માણસની રીતમાં રહેતાં શીખવાડ્યું. દુનિયાભરના લોકોને મિત્રો બનાવતાં શીખવાડ્યું. સાસુ જેવી સાસુ પણ મારી મિત્ર બની શકતી હોય એ આ ચોગઠાના પ્રતાપે.

**અમીબા:** દીકરા શરમા જરા શરમા. આ તું શું બોલે છે?

**પરેશ:** સાચું બોલું છું મમ્મી. જો આ શું નામ છે? કુંદનિકા. ફેસબૂક પર મારા મિત્રોની યાદીમાં એમનું નામ પણ છે.

**અમીબા:** વેવાણનું નામ તો કુંદનબહેન છે ને?

**ચીમનલાલ:** કુંદનબહેન ભલે રહ્યું. પણ, ફેસબુક પર નામ જરા ટનાટન હોવું જોઈએ. જેમ કે મારું નામ ચીમનના બદલે ચિરાગ હોવું જોઈએ અને તારું નામ અમીના બદલે એમી હોવું જોઈએ. એમી એકશન! નકલી ચેહરા સામને આયે... અસલી સુરત છુપી રહે. .

**પરેશ:** આપણે તો કશું જ છુપાવ્યું નથી. ચોખ્ખું જ જણાવી દીધું છે કે, હુ ખમણ વેચું છું. અને ગઝલો પણ લખું છું. .

**ચીમનલાલ:** પણ ખમણનો ઘાણ મૂકીને ગઝલ લખવા ન બેસી જવાયને? ગાગાલગા... ગાગાલગા... ગાગાલગા કરવામાં ધંધાને વાટ લાગી જશે એનું શું?

**પરેશ:** પપ્પા, કશું મેળવવા કાજે કશું ગુમાવવું પણ પડે! ગઝલને પામવા માટે ખમણનો ભોગ આપવો પણ પડે. ગઝલને પામશું ખમણને છોડશું.... બનીને બાવરા જગતને છોડશું .

**ચીમનલાલ:** આખો દિવસ આવું જ કરે છે. ગલ્લામાં પણ રૂપિયા ઓછા ને ગઝલના કાગળીયા ઝાઝા.

**અમીબા:** દીકરા, પહેલાં તો તુ ધંધો ગળે લઈને ફરતો’તો. આ તને શું થયું?

**ચીમનલાલ:** આપણો આ દીકરો હવે કવિ બની ગયો છે.

**પરેશ:** કવિ શ્રી પરેશ ખમણવાલા. શહેરના નામાંકિત કવિ તરીકે આ નામ અજાણ્યું નહિ રહે. આવતાં મહિને મારો પહેલો ગઝલસંગ્રહ પણ બહાર પડશે. સંગ્રહનું નામ હશે “ઝાકળનાં બિંદુઓ”. જે સંગ્રહ હું અર્પણ કરીશ મારી પ્રેરણામૂર્તિ વત્તા મારી ધર્મપત્ની શ્રીમતી પલ્લવી પરેશ ખમણવાલાને

**પલ્લવી:** મને તમારાં જોડકણાંના બખડજંતરમાં વચ્ચે નાખવાની કોઈ જરૂર નથી.

**ચીમનલાલ:** વહુબેટા, તમને જશ આપતો હોય તો આપવા દોને?

**અમીબા:** આમેય એને આ ચાળે ચડાવવામાં તમારો ફાળો જેવોતેવો નથી.

**પલ્લવી:** તમે મારું નામ શાં માટે લો છો? મેં એમને ધંધા સિવાયની વાતોમાં થોડોઘણો રસ લેવાનું કહ્યું હતું. આમ ડૂબી જવાનું નહોતું કહ્યું.

**અમીબા:** પાલવીબેટા. તમે પણ આ ચોગઠામાં ઓછાં નહોતાં ડૂબ્યાં.

**પલ્લવી:** પણ અમીબા, મારી એ ભૂલ હતી. વધું પડતો મોહ હતો. પણ, જેમ જેમ સત્ય સમજાતું ગયું તેમ તેમ આ બધું ઓછું કરતી ગઈ કે નહિ?

**અમીબા:** ઓછું તો ઘણું કરી નાંખ્યું. ખોટું નહિ કહું. પહેલાં તો છાશવારે કામકાજમાં ધબડકો વળતો’તો. કોઈને મન મૂકીને મળતાં  નહોતાં. સગાંવહાલાંમાં ભળતાં પણ નહોતાં. પ્રભુની કૃપા થઈને તમને સદબુદ્ધિ આવી.

**ચીમનલાલ:** પણ, હવે આ દીકરાને કુબુદ્ધિ આવી છે એનું શું? કહેવત છે ને કે: ભૂતને પીપળો મળી જ રહે.

**પરેશ:** શાં માટે એક રસીકજનની નિંદા કરો છો? અરે, ખમણવાળાના પરિવારમાં એક  કવિ પ્રગટ થયો છે એનો આનંદ માણવાના બદલે આ મરશિયાં શાંને?  શાંને કાજે આ મરશિયાં શાંને કાજે રે...

**ચીમનલાલ:** દુકાને પણ આવું જ કરે છે. ઘરાક સાથે પણ કાવ્યો દ્વારા જ વાતો કરે છે. ધંધામાં જેટલો રસ હતો એ બધો રસ હવે હવે કવિતા તરફ ઢળી ગયો છે.

**પરેશ:** પપ્પા, એમ કહો કે મારા જીવનરૂપી નદીનું વહેણ પલટાયું. પહેલાં તો મને માત્ર ખમણ, ધાણા અને મરચાંમાં જ રસ પડતો હતો. જાણે દુનિયામાં બીજું કશું હતું જ નહિ. હવે તો મારી સમજણનો દરિયો વિસ્તાર પામતો જ જાય છે... પામતો જ જાય છે. ખળખળ વહેતાં ઝરણાં... મંદ મંદ વાતો પવન...ફૂલોની પાંદડી પર  ઝાકળનાં બિંદુઓ. અહાહા! દુનિયામાં ખમણ સિવાય બીજું કેટકેટલું છે!

**અમીબા:** પણ દીકરા, કમાણી તો ખમણમાં જ છેને?  વહેતાં ઝરણાને જોઈને મન રાજી થાય પણ પેટના ખાડાનું શું?

**ચીમનલાલ:** કમાણી ન હોય તો ખળખળ વહેતાં ઝરણાં ય ગંધાતી ગટર જેવાં લાગે! મંદ મંદ વહેતો પવન પણ વાવાઝોડા જેવો લાગે. અમે જોયા છે કમાણી વગરના દિવસો!

**અમીબા:** જાત તોડી નાખી છે ત્યારે બે પાંદડે થયાં છીએ. કમાવા માટે અમે શું શું નથી કર્યું? દાળ પીસવાના સાધનો તો પછી થયાં. મેં ઘંટીના પડ ઊંચકી ઊંચકીને દાળ દળી છે. વહેલાં ચાર વાગે ઊઠીને સગડો પેટાવવો પડતો હતો. આજના જેવાં ચૂલા નહોતા. સાત વાગ્યામાં તો ખમણના ઘાણ ઉતારી દેતી’તી.

**ચીમનલાલ:** આઠ વાગે એ પહેલાં તો, સાયકલ પર ટોપલા મૂકીને, બાંધેલા ઘરાકોને ખમણ પહોંચાડવા નીકળી પડતો. ત્યાંથી આવીને ખૂમચો લઈને ખમણ વેચવા નીકળી પડતો. શહેરમાં મોકાની જગ્યાએ ખૂમચો લઈને ઊભા હોઉં તો પોલીસ આવીને ભગાડતી. ખૂબ સહન કર્યું છે.

**અમીબા:** તારા પપ્પા બપોરે ખમણ વેચીને આવે ત્યારે મારું ધ્યાન સહુથી પહેલાં ખૂમચા તરફ જાય. જે દિવસે વેચાણ બરાબર ન થયું હોય તે દિવસે ખાવાનું ભાવતું નહિ.

**પલ્લવી:** અમીબા, તમે લોકોએ આટલો બધો સંઘર્ષ કર્યો છે? આ બધી વાતો મને તો ક્યારેય કરી નથી.

**અમીબા:** ક્યારે કરું? તમે મોકો જ આપ્યો નથી. તમે તો બ્લોક લખવામાંથી નવરા જ નહોતાં પડતાં. મને એનો પણ વાંધો નથી. તમને ખૂશ જોઈને અમે ખૂશ થતાં હતા.

**ચીમનલાલ:** વહુબેટા, હું સમજુ છું કે - વાતવાતમાં અવળવાણી બોલવાની મારી આ ઉમર નથી. પણ તમને રાજી રાખવા આ તમારાં અમીબાની મજાક ઉડાવું છું.

**અમીબા:** અને પાછા ખાનગીમાં માફી પણ માગી લે છે. .

**પલ્લવી:** ઓહ માય ગોડ! તમે આ બધું મને રાજી રાખવાં કરો છો?

**ચીમનલાલ:** એમાં અમારો પણ સ્વાર્થ છે. તમને રાજી જોઈને અમે રાજી થઈએ છીએ.

**અમીબા:** આટ આટલું કરવા છતાં જાણે બધું જ પાણીમાં ગયું. સુખના ઘાણ ઉતારવામાં ક્યાં કચાશ રહી ગઈ એ જ નથી સમજાતું.

**પલ્લવી:** અમીબા, તમે ચિંતા ન કરો. બધું બરાબર થઈ જશે.

**ચીમનલાલ:** આ તો આજે ન રહેવાયું એટલે અમારા સંઘર્ષની વાતો કરી. બાકી અમે પણ જાણીએ છીએ કે-જૂની પેઢીની વાતો નવી પેઢીને બકવાસ જ લાગે.

**પરેશ:** તે લાગેજને! તમારા જમાનામાં સાધનો નહોતાં એટલે તમે તોડાયાં. હવે આજે છતે સાધને અમારે પણ તોડાવું? કહેતા હો તો કાલથી હુંય ખૂમચો લઈને ખમણ વેચવા જાઉં. એ ખમણ લ્યો ખમણ.. એવી બૂમો પાડું.

**ચીમનલાલ:** ખૂમચો કાઢવાની વાત નથી. વાત દુકાનમાં ધ્યાન આપવાની છે. મારી પોણી જિંદગી ગઈ ત્યારે દુકાનવાળા થયા છીએ.

**પરેશ:** દુકાન માટે મેં જિદ ન કરી હોત તો તમે દુકાન લેવાનાય નહોતાં. આજની તારીખે ખૂમચો છૂટ્યો ન હોત.

**ચીમનલાલ:** તારી વાત સાચી છે. તારો ઉત્સાહ હતો તો મારાથી સાહસ થયું. દુકાન લેવાઈ ગઈ. ધંધામાં તારો સાથ મળ્યો તો ધંધો ફૂલ્યોફાલ્યો.

**અમીબા:** હવે ધંધાને સાચવી રાખ દીકરા. જોડકણાં જોડવાવાળા ભલે જોડે. ઠીક છે.. થોડાંઘણાં નાચગાન કરી લઈએ. પણ ચાલુ ધંધાને લાત મારીને એને રવાડે ન ચડાય.

**પલ્લવી:** કોઈપણ બાબતનું આટલું બધું વળગણ સારું નથી. ઇન્ટરનેટ છે, બ્લૉગ છે, ફેસબૂક છે .. એ બધું અમુક હદ સુધી જરૂરી છે. પરંતુ, એમાં જ રચ્યાંપચ્યાં રહેવાથી તો સામાજિક સંબંધો પર અવળી અસર પડે છે. જો તમે હવે આ બધું નહિ છોડો તો હુ આ ઘરમાં નહિ રહી શકું.

**પરેશ:** લો કરો વાત! પહેલાં કહેતી’તી કે- આ બધું નહિ અપનાવો તો  હુ આ ઘરમાં નહિ રહું. હવે કહે છે કે- આ બધુ નહિ છોડો તો હુ આ ઘરમાં નહિ રહું. એટલે તુ નચાવે એમ મારે નાચવાનું?  માંડ માંડ મને જીવનનો મર્મ સમજાયો છે. હવે આ મુકામેથી આગળ વધવું છે. પાછાં ફરવાની કોઈ વાત ન કરશો. હુ વધી રહ્યો છું આગળ ને આગળ...બંધનો રહ્યાં છે પાછળ ને પાછળ.

**પલ્લવી:** પડ્યા રહો અને કર્યાં કરો લવારો! હું ચાલી મારે પિયર. જેની નજરમાં મારું અસ્તિત્વ જ ન હોય એની સાથે રહેવાનો કશો અર્થ નથી..

**પરેશ:** જવું હોય તો જા. પણ, એટલું યાદ રાખજે કે- આ વખતે તેડવા નહિ આવું.  તારાં પિતાશ્રી ભલે રાહ જોતા રહે, એમની પરીક્ષા આપવા નહિ આવું.

**પલ્લવી:** પરીક્ષા આપવાનો મોકો પણ નહિ આપવામાં આવે. તમે આ સંસારની પરીક્ષામા નાપાસ જ રહેવાના છો. હું આ ઘરમાં તમારી સાથે રહી શકું તેમ નથી. હું જઉં છું. [ઘર છોડીને ચાલવા લાગે].

**પરેશ:** [ગીત ગાય] પરેશ કી દુવાએ લેતી જા .. જા તુજ કો સુખી માબાપ મિલે... સસુરાલ કી ન કભી યાદ આયે મયકે મેં  ઇતના પ્યાર મિલે.

**અમીબા:** બહુ વટ મારવો રહેવા દે દીકરા. હજી બાજી બગડી નથી ગઈ. વહુને રોકી લે.

**ચીમનલાલ:** દીકરા, સમજી જા.ફરી ઘનશ્યામ માસ્તરની પરીક્ષા આપવી પડશે. ગઈ વખતે તો પેપર સહેલું હતું. એટલે પાસ થઈ ગયો. હવે ફરી જોખમ લેવા જેવું નથી.

**અમીબા:** તને મારા સમ છે દીકરા. પાલવીને પાછી વાળ. જલ્દી કર દીકરા.

**પરેશ:** [ગાય] જમણના... જમણના સાદ પાડીને ચાલ્યાં ક્યાં તમે? ખમણના.. ખમણના થાળ કાઢીને ચાલ્યાં ક્યાં તમે?

**અમીબા:** પાલવીબેટા, પાછા વાળો. જુઓ મારો દીકરો કેટલાં પ્રેમથી તમને બોલાવે છે?

**પલ્લવી:** એક શરતે પાછી વાળું છું. પરેશ. તમારે કમ્પ્યુટરનું વળગણ છોડવું પડશે. .

**પરેશ:** પણ, તે મારી પાસેથી, કમ્પ્યુટરને ક્યારેય જાકારો નહિ દેવાનું વચન લીધું હતું. એ વચનનું શું?.

**અમીબા:** એ વચનના લીધે તો આ રાંધ્યાં ધાન રઝળે છે. પાલવીબેટા, એ ગોઝારા વચનનું કાંઈ કરો તો સારું.

**પલ્લવી:** એ વચનમાંથી હું તમને મુકત કરું છું.

**પરેશ:** [કોલર ઊંચા કરીને] આવી ગઈને ઠેકાણે. કહેવત છે ને કે વાર્યા ન વળે તે હાર્યા વળે. વચન લેવડાવતાં પહેલાં વિચાર કરવો જોઈએ.

**પલ્લવી:** હારજીતની વાત કરતાં હો તો તમે પણ મારી પાસેથી વચન લીધું હતું કે: હું આ ઘરમાં હું કમ્પ્યુટર પર નહિ બેસું. એ વચન તમને કેવું ભારે પડ્યું હતું એ ભૂલી ગયા? દયામણું મોઢું કરીને મારા પપ્પા સામે ઉભું રહેવું પડ્યું'તુ એ યાદ છે ને?

**ચીમનલાલ:** તમે બંને એક એક વખત જીત્યા છો. સ્કોર બરાબર છે.

**અમીબા:** [બંનેના હાથ ઊંચા કરીને] તમને બંનેને વિજેતા જાહેર કરવામાં આવે છે. [ચીમનલાલ તાળીઓ પાડે]

**ચીમનલાલ:** સો વાતની એક વાત. રંગનાં છાંટણાં હોય. કૂંડાં ન ઠલવાય. બધું સમય પ્રમાણે અને માપમાં સારું લાગે.

**અમીબા:** મારા વાલીડાઓ, આ જિંદગી ખમણના ખીરા જેવી છે. સમયસર આથો લાવવા માટે, શિયાળાની ઋતુમાં ખીરામાં ગરમ પાણી નાખવું પડે અને ઉનાળાની ઋતુમાં બરફ નાખવો પડે. સમય અને સંજોગોને ઓળખીને ચાલશો તો જિંદગી તાજાં ખમણ જેવી લાગશે. ચાલો.. રાંધ્યાં ધાન આપણી રાહ જુએ છે.

**પરેશ:** હું જરા કમ્પ્યુટર બંધ કરીને આવું.

**પલ્લવી, અમીબા અને ચીમનલાલ:** [ચીસ પાડે] નહિ...

**પલ્લવી:** હવે ગાડીને ફરીથી આડે પાટે ચડાવવાની નથી. આમ ચાલો રાંધ્યાં ધાન આપણી રાહ જુએ છે.

[પલ્લવી પરેશના ખભે હાથ મૂકીને ટેબલ તરફ ધકેલાતી હોય... એની પાછળ અમીબા અને ચીમનલાલ જોડાઈ જાય. છૂક છૂક ગાડી રમતાં હોય તેમ આગળ વધે. પરેશ સિટી વગાડે].

## <u>[સમાપ્ત]</u>

# લેખકનો પરિચય:

| | | |
|---|---|---|
| નામ | : | યશવંત ઠક્કર |
| સરનામું | : | 303 ,૧-બ્રિજપાર્ક સોસાયટી ,બાલાજી એન્કલેવ ,<br>પ્રમુખપ્રસાદ ચોક પાસે ,માંજલપુર ,સન્માન પાર્કની પાછળ ,<br>૩૯૦૦૧૧ -વડોદરા |
| ટેલિફોન નંબર | : | ૦૨૬૫ ૨૬૬૩૮૬૬ - |
| મોબાઈલ નંબર | : | ૯૪૨૭૫૩૯૧૧૧ |
| ઇ મેઈલ આઈ ડી | : | asaryc@gmail.com |